ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આક્રમક ગરમીના પગલે સરકારી કચેરીઓ ખાલીખમ

## બપોર થતાં જ કચેરીઓમાં ખાલીપો જોવા મળે છે

## મુલાકાતીઓ પણ ગરમીમાં આવવાનું ટાળે છે



ગાંધીનગર તા ૧૮

શહેરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. ગરમીનો પારો સતત ઉંચો આવતા જનજીવન ગરમીની અસરથી સુન્ન થઇ ગયું છે. દિવસના આકરા તાપથી બચવા નાગરિકો ઘરની બહાર જવાનું ટાળી રહયા છે. જયારે રસ્તાઓની સાથે સરકારી કચેરીઓમાં પણ ખાલીપો જોવા મળે છે. બપોર થતા જ કચેરીઓમાં ખુરશીઓ ખાલીખમ જોવા મળે છે. કર્મચારીઓ પણ ગરમીની અસરથી આકુળવ્યાકુળ બની ગયા છે.વહીવટી કામગીરી પણ ગરમીના કહેરથી મંદ પડી ગઇ છે.

સમગ્ર રાજયમાં છેલ્લા ચાર દિવસથી ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. જયારે પાટનગરમાં પણ ગરમીથી જનજીવન પ્રભાવિત થઇ ગયું છે. રોજબરોજ ગરમીનો પારો ઉંચો ચઢતો જાય છે. આજે પણ ગરમીએ ઉગ્ર સ્વરૂપ જાળવી રાખ્યું હતું. સવારથી જ તાપ આકરો બનતા ઘરની બહાર નિકળવાનું મુશ્કેલ બન્યું હોવાના સુર સાથે આમ નાગરિકો ના છુટકે જ ઘરની બહાર નીકળે છે. ગરમીની અસરથી શહેરના મુખ્ય માર્ગો પર દિનભર સન્નાટો જોવા મળી રહયો છે. જયારે નગરના શોપિંગ બજારમાં પણ સુનકાર જોવા મળી રહયો છે. કર્મચારી આલમ પણ હીટવેવથી પ્રભાવિત હોવાનું સ્પષ્ટ થયું છે. નગરની સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. બપોરના સમયે ટેબલ ખુરશીઓ ખાલીખમ જોવા મળી રહયા છે.

ગરમીથી બચવા ઓફિસોમાં એરકુલર મુકવામાં આવ્યા છે. પરંતુ આકરા ઉનાળે વિજ પુરવઠાની ખેંચ વચ્ચે એ સી પણ યોગ્ય રીતે કામ ન કરતા હોવાની બુમ ઉઠવા પામી છે. ત્યારે પંખાની ગરમ હવાથી કર્મચારીઓ બેચેન બની ગયા છે. મોટાભાગની સરકારી કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા પણ ઘટી ગઇ છે.ત્યારે કર્મચારીઓ પણ ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. ઘણાખરા કર્મચારીઓ પ્રવાસમાં હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે આકરી ગરમીમાં કર્મચારીઓની પાંખી હાજરીના લીધે કચેરીઓમાં પણ ખાલીપો જોવા મળી રહયો છે.



**ચ-૩ પાસે બેટરી સંચાલિત મોપેડ સળગી ઉઠ્યુ** - ગાંધીનગર શહેરમાં આજે ગરમીએ સતત બીજા દિવસે પોતાનુ આક્રમણ ચાલુ રાખ્યુ છે. પરિણામે ગરમીના તેજ પ્રકોપ વચ્ચે ચ-માર્ગ પર ચ-૩ નજીક બેટરી સંચાલિત મોપેડ (યોબાઈક)માં બેટરી હિટ પકડી લેતા અચાનક જ આગ ભભુકી ઉઠી હતી. જોત-જોતામાં આગ ભયંકર બનતા મિનિટોમાં જ મોપેડ બળીને ખાખ થઈ ગયુ હતુ. માર્ગ પર જ અચાનક મોપેડ સળગતા અન્ય વાહનચાલકો પણ ઉભા રહી ગયા હતા. **(તસવીર : દિપક જાની)**

# સિવીલ કેમ્પસ તસ્કરોનું સલામત તસ્કરી રાજ

## એક્સ-રેની લાઈનમાં ઉભેલા દર્દીના ખિસ્સામાંથી મોબાઈલ ચોરાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ચોરીના બનાવો વધતાં સિવીલ સત્તાવાળાઓ માટે હવે સલામતીનો મુદ્દો પડકાર બની રહ્યો છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં આજે એક્સ-રે માટેની લાઈનમાં ઉભેલા દર્દીના ખિસ્સામાંથી મોબાઈલ ફોન ચોરાયાની ઘટના બનવા પામી છે. સિવીલ હોસ્પિટલમાંથી નળ ચોરી, મોબાઈલ ચોરી, વાહન ચોરીના બનાવો છેલ્લા ઘણા સમયથી વધવા પામ્યા છે. મોટી સંખ્યામાં દર્દીઓની આવન જાવન રહેતી હોવાથી સલામતીનો પ્રશ્ન પણ હવે તંત્ર માટે પડકાર બની રહ્યો છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ચોરીના બનાવો વધતાં હવે દર્દીઓ એવું માનતા થયા છે કે તસ્કરો માટે આ સ્વર્ગ બની ગયું છે. સલામતી સ્ટાફના કર્મચારીઓની નજરમાંથી પણ આબાદ રીતે તસ્કરો છટકી રહ્યા છે. આજે મોબાઈલ ચોરીની આ બનેલી ઘટનાએ સિવીલ સત્તાવાળાઓને ચોંકાવી દીધા છે.

# સરકારી આવાસોની ટાંકીઓ તોડી નાંખવામાં આવી

## પરંતુ પ્લાસ્ટર ન થતા લીકેજની સમસ્યા યથાવત : મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા તેમજ લીકેજની સમસ્યા નિવારવા ખર્ચાયેલા પૈસા પાણીમાં ગયા : આવાસોની છત હજુ પણ સલામત નથી

ગાંધીનગર તા ૧૮

શહેરના સરકારી આવાસોમાં ચોમાસા પૂર્વે જ લીકેજની સમસ્યા શરૂ થઇ ગઇ છે. સરકારી આવાસો માટે ધાબાની ટાંકી ભયજનક હોવાનો સુર ઉઠતા તંત્ર દ્વારા પાણીની ટાંકીઓ તોડી પાડવામાં આવી હતી. પરંતુ ટાંકીઓ તોડી પડાયા બાદ પ્લાસ્ટર ન થતા આગમી ચોમાસામાં આવાસોની છતમાંથી પાણી ટપકવાની ફરિયાદો યથાવત રહેશે. લીકેજની સમસ્યા ડામવા તંત્ર દ્વારા ટાંકીઓ તોડવામાં આવી હતી.પરંતુ તંત્રની બેદરકારીના લીધે સરકારી આવાસોની છત હજુ સલામત નથી.

શહેરના સરકારી આવાસો દાયકાઓના અંતે હાલ ભયજનક હાલતમાં છે. મોટાભાગના આવાસોની છત સલામત ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ચોમાસા દરમિયાન સરકારી આવાસો ની છતમાંથી પાણી ટપકતા વસાહતીઓએ પારાવાર હાલાકી વેઠવી પડતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જયારે આ ફરિયાદોને ડામવા તંત્ર દ્વારા આવાસોના ધાબે સ્થિત પાણીની બિનઉપયોગી ટાંકીઓ તોડી પાડવા નિર્ણય લેવાયો હતો. જેના અંતે સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોની ટાંકીઓ તોડવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. જેથી ચોમાસા દરમિયાન મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ ડામી શકાય તે માટે આવાસોની ટાંકીઓ તોડવા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવ્યું હતું.પરંતુ લાખોના ખર્ચ બાદ પણ સ્થિતિ ઠેર ની ઠેર હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવાસોની ટાંકીઓ તોડવામાં આવ્યા બાદ ધાબાના ભાગમાં પ્લાસ્ટર કરવામાં આવ્યું નથી. જેના લીધે આવાસોની છત હજુ સલામત નથી. અલબત્ત આવાસોની છતમાંથી પાણી ટપકવાની સમસ્યાનું નિવારણ આવ્યું નથી. થોડા સમય અગાઉ આવેલા વરસાદી ઝાપટા દરમિયાન પણ આવાસોમાં છતમાંથી પાણી ટપકવાની શરૂઆત થઇ ગઇ હતી. રહીશોએ સરકારી આવાસોમાં થતી લીકેજની સમસ્યાને ડામવા અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરી છે. આમછતા કોઇ પગલા લેવાતા નથી. ટાંકી તોડાયા બાદ પ્લાસ્ટર કરવાનું અનિવાર્ય હોવાછતાં પાટનગર યોજનાના ઉચ્ચ અધિકારીઓએ પણ આ મામલે ધ્યાન આપ્યું ન હોવાથી તેમની રહેમનજર હેઠળ મનસ્વી રીતે કામ આટોપી લેવાયું છે. બીજીતરફ આ કામગીરીમાં પણ ગુણવત્તા ન જળવાતા ધાબાની સરફેસ પણ રહીશો માટે તદન બિનઉપયોગી થઇ ગઇ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# બગીચાઓને પાણી આપવા ગ-માર્ગ પર પાણીની પાઈપ લાઈનનું કામ આરંભાયુ

ગાંધીનગર તા ૧૮

શહેરના બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા સરગાસણ ખાતે દુષિત પાણીને શુધ્ધ કરવાનો પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે. જયારે હાલ આ વ્યવસ્થાના આધારે સ્વર્ણિમ પાર્કમાં પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવે છે. આ ઉપરાંત નગરના અન્ય ઉધાનાને પણ તાજા રાખવા પાણીના સપ્લાય માટે પાઈપ લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. હાલ ગ માર્ગ પર પાઈપ નાંખવાનું કામ શરૂ કરી દેવાયું છે. જેના આધારે આગામી દિવસોમાં સે ૨૮ ના બાલાઘાનમાં પાણીની જરૂરિયાત સંતોષવામાં આવશે.

ગાંધીગરમાં આકરા ઉનાળે પાણીની જરૂરિયાત સંતોષવા તંત્ર દ્વારા પ્રતિદિન ૬૦ એમ એલ ડી પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જયારે ગરમીમાં હરિયાળા ઉધાનો મુર્ઝાઇ ન જાય તે માટે સરગાસણ ખાતે દુષિત પાણીને શુધ્ધ કરવા પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. જેના આધારે નગરના બગીચાઓને ભાવિ સમયમાં પાણી સપ્લાય કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જા કે હાલની સ્થિતિએ શહેરના નવનિર્મિત સ્વર્ણિમ પાર્કમાં આ વ્યવસ્થાના આધારે પાણી સ્પલાય કરવામાં આવે છે.જયારે અન્ય બગીચાઓને પણ તાજા રાખવા આગામી દિવસોમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે. આ સઘળી કાર્યયોજનાને અનુલક્ષી તંત્ર દ્વારા રૂપિયા ૭ કરોડના ખર્ચે પાણીની પાઈપ લાઈન નાંખવામાં આવનાર છે. જેના ભાગરૂપે હાલ નગરના ઘ માર્ગ પર કામ શરૂ કરી દેવાયું છે.

**વૃક્ષોની કટોતીના મામલે વન વિભાગ દ્વારા સર્વેની પ્રક્રીયા હાથ ધરાઇ**

● અનુસંધાન પાન-૭ પર

# ૧૫ જુલાઈ પહેલા તમામ પરીણામ જાહેર કરવા સૂચના

અમદાવાદ, તા.૧૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવી રહેલ ઈજનેરી-ફાર્મસી-એમબીએ-એમસીએ સહિતની વિધાશાળાની વાર્ષિક પરીક્ષા તેના અંતિમ તબક્કામાં છે ત્યારે જીટીયુ દ્વારા વિવિધ પરીક્ષાના પરીણામ જાહેર કરવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. ચાલુ વર્ષે પરીણામ જાહેર કરવામાં વિલંભ ન થાય તે બાબતને ધ્યાનમાં રાખીને આ વર્ષે જૂન મહીનાની શરૂઆતથી વિવિધ સેમેસ્ટરનાં પરીણામ તબક્કાવાર જાહેર કરી દેવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા દર વર્ષે રાજયની ઈજનેરી-ફાર્મસી-એમબી-એમસીએ સહિતની વિધાશાખાઓની સેમેસ્ટર પરીક્ષા લેવામાં આવે છે. જો કે આ પરીક્ષાનાં પરીણામ જાહેર કરવામાં અસહ્ય વિલંબ થતો હોવાની ફરીયાદો પણ સામે આવે છે. જો કે ચાલુ વર્ષ તાજેતરમાં રાજયની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓની બેઠકમાં પરીક્ષાના પરીણામ સમયસર જાહેર કરવા માટે મુખ્યમંત્રી દ્વારા તાકીદ કરાઈ હતી.

ગરમીમાં લૂ લાગવા (હીટ વેવ) થી બચો

આરોગ્યલક્ષી સુચનો

* હીટ વેવ દરમ્યાન સુધી બહાર નીકળવાનું ટાળવું, આખું શરીર અને માથું ઢંકાઇ તે રીતેસફેદ સુતરાઉ ખુલતા કપડાં પહેરવા, ટોપી, ચશ્માં, છત્રી નો ઉપયોગ કરવો.
* નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશકત અને બિમાર વ્યકિતઓએ તડકામાં વિશેષ કાળજી લેવી
* સીધા સુર્ય પ્રકાશથી બચો
* ભીનાં કપડાંથી માથું ઢાંકી રાખો અવાર-નવાર ભીનાં કપડાંથી શરીર લૂછો વારંવાર ઠંડુ પાણી પીવું
* લીંબુ શરબત, મોળી છાશ, તાડફળી અને નારીયેળનું પાણી,ખાંડમીઠા નું દ્રાવણ, ઓ.આર.એસ. વગેરે પુષ્કળ પ્રમાણ માં પીવા
* બાળકો માટે કેસુડાનાં ફુલ તથા લીમડાના પાનનો નાહવાના પાણીમાં ઉપયોગ કરવો
* ગરમીમાં બહારથી ઘરે આવ્યા બાદ શરીરનું તાપમાન નીચુ આવે ત્યારબાદ જ નહાવુ, શકય હોય તો ઘરના બારી અને બારણા સાથે ખસની ટટ્ટી પાણી છાંટી બાંધી રાખવી
* દિવસ દરમ્યાન ઝાડ નીચે, ઠંડક અને છાંયામાં રહેવું
* બજારમાં મળતો ખુલ્લો, વાસી ખોરાક ખાવો નહી, બજારમાં મળતા બરફનો ઉપયોગ ટાળવો, લગ્ન પ્રસંગે દૂધ, માવાની આઈટમ ખાવી નહી
* ઉપવાસ કરવાનું ટાળવું, સવારનું ભોજન ૧૨:૦૦ વાગ્યા સુધીમાં લઈ લેવું
* ચા-કોફી અને દારૂના સેવનથી લૂ લાગવાની શકયતા વધે છે, તેથી તેનું સેવન ટાળવું

લૂ લાગવા (હીટ વેવ) ના લક્ષણો

* માથું દુ:ખવું, પગની પીડીઓમાં દુ:ખાવો થવો
* શરીરનું તાપમાન વધી જવું
* ખૂબ તરસ લાગવી
* શરીરમાંથી પાણી ઓછું થઈ જવું
* ઉલ્ટી થવી, ઉબકા આવવા, ચકકર આવવા, આંખે અંધારા આવવા
* બેભાન થઈ જવું
* સુધ-બુધ ગુમાવી દેવી (Confusion)
* અતિગંભીર કિસ્સામાં ખેંચ આવવી

* વરીયાળી, કાચી કેરી, ગુલાબ, ખસ(વાળા), અને કાળી દ્રાક્ષનું શરબત લઈ શકાય, રાત્રે ૧૦ નંગ કાળી દ્રાક્ષ પાણીમાં પલાળી સવારે આ પાણી પીવું અને દ્રાક્ષ ખાવી, તરબુચનો ઉપયોગ સવારે અને બપોરે કરવો.

લૂ લાગવાની અસર જણાય તો તાત્કાલીક નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

GSDMA ગુજરાત સરકાર દ્વારા જનહિતાર્થે

# મજૂરોની માહિતી દર્શાવતુ રજીસ્ટર નહિ નિભાવનાર કલોલના બિલ્ડર સામે ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૮

કલોલના પંચવડી વિસ્તારમાં આવેલ કન્સ્ટ્રક્શન સાઈટમાં કામ કરતા મજૂરોનું હાજરી રજીસ્ટર ન સરનામા તેમજ ફોટા સહિતની વિગતો દર્શાવતુ રજીસ્ટર જે તે બિલ્ડર અને કોન્ટ્રાક્ટર દ્વારા નિભાવવા અંગે જિલ્લા કલેક્ટરે જાહેરનામુ અમલમાં મુકવામાં આવ્યું છે. કરનાર ભરત રમણલાલ પટેલ (બિલ્ડર), જીતુ ગજ્જર અને અમીત ભરત પટેલ વિરૂદ્ધ કલોલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી કલોલ તાલુકા પોલીસે તમામ વિરૂદ્ધ કલમ-૧૮૮ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.




નિભાવી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરનાર બિલ્ડર સહિત ત્રણ સામે એલસીબીએ કલોલ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેની વધુ તપાસ કલોલ પોલીસ ચલાવી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા માટે જિલ્લા વિસ્તારમાં આવેલ બાંધકામની સાઈટો ઉપર કામ કરતા સ્થાનિક તથા પરપ્રાંતિય મજૂરોના નામ તથા આવ્યું છે.

આ અંગે ગાંધીનગર એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એચ.કે. સોલંકી અને તેમના સ્ટાફના માણસો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પંચવટી વિસ્તારમાં અભિષેક હોમ્સની કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર જઈ મજૂર અંગેની તપાસ હાથ ધરી હતી. જેમાં મજૂર અંગેની માહિતી દર્શાવતુ રજીસ્ટર ન નિભાવી જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ડૉક્ટર મળશે નહિ**

**ડૉ. કિરીટ એસ. પટેલ**

તા. ૨૦મી મે થી ૩૦મી મે દરમિયાન તેમના ક્લિનીકમાં મળશે નહિ. ૩૧મી મે ૨૦૧૫થી રાબેતા મુજબ મળશે.
૧૮૦, ડબલ ડેકર,
સેક્ટર-૨૪, ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
KisaN
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com